(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મેઘરજના રીલાયન્સ પેટ્રોલપંપ નજીક જીપ-ટ્રાવેરા ટકરાતાં એકનું મોત ૧૦ ઘાયલ

અરવલ્લી જિલ્લાના મેઘરજ-મોડાસા રાજ્ય ધોરીમાર્ગ પર મેઘરજની હદમાં રીલાયન્સ પેટ્રોલપંપની નજીક પેસેન્જર જીપ તેમજ ટ્રાવેરા કાર સામ સામે ટકરાતા પેસેન્જર જીપ નં. (જીજે-૧એપી-૧૭૭૮)માં પંદર જેટલા મુસાફરો ભરેલા હતા. જે જીપગાડીની પૂરઝડપ હોવાથી ૨૦૦ ફૂટ ઉંડા ખાડામાં કાબકતા જીપ ગાડીમાં સવાર પુરૂષો અને મહિલાઓ ઘાયલ થતા, ૧૦ ઈજાગ્રસ્ત મુસાફરોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મેઘરજ સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેમાં તમામ મુસાફરોને ઈજાઓ ગંભીર જણાતાં મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેમાં ગંભીર રીતે ઘવાયેલા ગોવિંદભાઈ જીવાભાઈ પારધી રહે. ધાંધીયા (ઉ.વ. ૩૫ વર્ષ)નું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. અકસ્માતની જાણ મેઘરજમાં થતા ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જેમાં હજુ પાંચ જેટલા ગંભીર રીતે ઘવાયેલા મુસાફરો જીવન-મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યા છે. ઈજાગ્રસ્તમાં ચાર જેટલી મહિલાઓનો સમાવેશ થાય છે. જ્યારે જીપગાડીના કચ્ચરઘાણ નીકળી ગય હતો.

કલોલ તાલુકા પંચાયતની બેઠકો

અનું	તાલુકા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૪(૧)	૪(૨)	૫
૧	કલોલ	૧	આમજા	૨૩	૧૭	સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી
		૨	બાલવા	૧૩	૧૮	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
		૩	ભોંયણ મોટી	૨૭	૨૪	સા.શૈ. પછાતવર્ગ
		૪	બોરીસણા-૧	૧૮	૨૫	સામાન્ય સ્ત્રી
		૫	બોરીસણા-૨	૨૮	૧	અનુસૂચિત આદિજાતિ
		૬	છત્રાલ-૧	૫	૨૬	સામાન્ય સ્ત્રી
		૭	છત્રાલ-૨	૧૫	૪	સામાન્ય સ્ત્રી
		૮	ધમાસણા	૧૪	૨૦	સામાન્ય સ્ત્રી
		૯	ડીંગુચા	૨૪	૨૭	સામાન્ય સ્ત્રી
		૧૦	ગોલથરા	૨૬	૨૨	સામાન્ય સ્ત્રી
		૧૧	હાજીપુર	૮	૨	સામાન્ય સ્ત્રી
		૧૨	ઈસંડ	૪	૧૯	સામાન્ય સ્ત્રી
		૧૩	જામળા	૧૦	૧૩	સામાન્ય સ્ત્રી
		૧૪	જેઠલજ	૧૯	૧૬	સામાન્ય સ્ત્રી
		૧૫	ખોરડડાભી	૯	૯	સામાન્ય સ્ત્રી
		૧૬	નારદીપુર	૨૫	૧૦	બિન અનામત સામાન્ય
		૧૭	નાસ્મેદ	૩	૧૨	બિન અનામત સામાન્ય
		૧૮	પલીયડ	૨૦	૧૪	બિન અનામત સામાન્ય
		૧૯	પલસાણા	૧૧	૨૮	બિન અનામત સામાન્ય
		૨૦	પાનસર	૨	૩	અનુસૂચિત જાતિ
		૨૧	પીયજ	૭	૧૫	બિન અનામત સામાન્ય
		૨૨	રાંચરડા	૨૧	૫	બિન અનામત સામાન્ય
		૨૩	સઈજ-૧	૨૨	૬	બિન અનામત સામાન્ય
		૨૪	સઈજ-૨	૧	૨૧	અનુસૂચિત જાતિ સ્ત્રી
		૨૫	સાંતેજ	૧૨	૭	બિન અનામત સામાન્ય
		૨૬	શેરીસા	૧૭	૨૩	બિન અનામત સામાન્ય
		૨૭	સોજા	૧૬	૧૧	બિન અનામત સામાન્ય
		૨૮	વડસર	૬	૮	બિન અનામત સામાન્ય

પ્રેમ પ્રકરણ મામલે કાંકણોલના પૂર્વ સરપંચ અને તેમના ભાભીનું અપહરણ

હિંમતનગર તાલુકાના કાંકણોલ ગામે એક માસ અગાઉ એક યુવક અને યુવતીએ કરેલા પ્રેમલગ્નની અદાવત રાખીને યુવતી પક્ષના કેટલાક લોકોએ ગુરૂવારે મોડી સાંજે લગ્ન કરનાર યુવકના અને તેના કાકાના ઘરે ટોળા સાથે જઈ તોડફોડ કર્યા બાદ યુવકની માતા અને તેમના કાકાનું અપહરણ કરી લઈ ગયા હતા. ત્યાર બાદ બંને જણાને માર માર્યા બાદ ૭ કલાક પછી ગામ નજીક જ છોડી દેવાયા હતા. જે અંગે ૪૨ જણા વિરૂદ્ધ મોડી રાત્રે હિંમતનગર એ-ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. ત્યારબાદ પોલીસે શુકવારે બે જણાની અટકાયત કરી હતી.

દરમિયાન ટોળાએ પૂર્વ સરપંચ મણીભાઈ પટેલને ગડદાપાટુનો માર મારી લાકડીથી ઈજા પહોંચાડી કપડા ફાડી નાખ્યા હતા તથા કોદીબેનને પણ માર મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ હુમલાખોરોએ નિલેશભાઈના માતા એટલે કે પૂર્વ સરપંચના ભાભી ઉષાબેનના ઘરે જઈ તોડફોડ કરી હતી. અને ઝપાઝપી કરી ઉષાબેન અને મણીભાઈ પટેલનું અપહરણ કરી અજ્ઞાત સ્થળે લઈ ગયા હતા. જે અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ થતાં પોલીસ કુમુક સાથે દોડી આવી હતી અને ગામમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો. અપહરણની ઘટના અંગે કાંકણોલના પૂર્વ સરપંચના પુત્ર કલ્પેશકુમાર પટેલે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ૪૨ જણા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન પોલીસ રાત્રિ પેટ્રોલીંગ કરી રહી હતી ત્યારે કાંકણોલ પાસેના હાઈવે રોડ નજીકથી રાત્રે ૩ વાગ્યાના સુમારે અપહરણ કરાયેલ મણીભાઈ પટેલ અને ઉષાબેન જીતેન્દ્રભાઈ પટેલ ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યા હતા. જેથી તેમને તરત જ હિંમતનગર સિવિલમાં સારવાર માટે લવાયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે બંનેને અમદાવાદની એપોલો હોસ્પિટલમાં ખસેડાયા હોવાનું સિવિલના સૂત્રોમાંથી જણાવાયું હતું.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

બનાસકાંઠાના ડીસામાં નગરપાલિકા નવીન સુલભ શૌચાલય બનાવી રહ્યું છે. જો કે જે જગ્યા પાલિકાએ પસંદ કરી છે તેની પર છેલ્લા ૩૦ વર્ષથી ગાયત્રી શક્તિપીઠ ડીસાનો કબજો હતો. અને ગાયત્રી શક્તિપીઠ સંચાલક મંડલ દ્વારા આ જગ્યામાં વ્યાયામશાળા અને બાળ ક્રિડાંગણ બનાવાયું હતુ. જો કે તાજેતરમાં ડીસા નગરપાલિકાએ ડીસાના મુખ્ય રોડ પર એક પણ શુલભ શૌચાલય આવેલ ન હોઈ અહી પે એન્ડ યુજ શૌચાલય બનાવવા નિર્ધાર કર્યો હતો. જે બાદ પાલિકા દબાણ સેલ દ્વારા આ જગ્યાની તાર ફેન્સિંગવાડ તોડી જગ્યાનો કબજો મેળવાયો હતો. જોકે આ બાબતનો ગાયત્રી શક્તિપીઠ પરિવાર દ્વારા ભારે વિરોધ શરૂ કરાયો છે અને ધાર્મિક જગ્યા નજીક આ શૌચાલય દુવીધારૂપ બનશે તેવા વિરોધ સાથે ગાયત્રી પરિવાર સભ્યોએ ડીસાના નાયબ કલેક્ટર ડૉ. દિગંત બ્રહ્મભટ્ટ સમક્ષ આવેદન પત્ર રજુ કરી આ કામગીરી અટકાવવા રજુઆત કરી હતી. જોકે ડીસામાં હાઈવે વિસ્તારમાં ગાયત્રી મંદિર નજીક ડોક્ટર હાઉસ આવેલ છે જેથી અહી રાજસ્થાન સહીત અન્ય જગ્યાએથી લોકોનો ભારે ઘસારો રહે છે, ત્યારે લોકોની સુખાકારી સુવિધા માટે અહી એક પણ સુલભ શોચાલય નથી. પાલિકાનો હેતુ જાહેર સુખાકારી સુવિધાનો વ્યાપ વધારવાનો છે, આ જગ્યા પર દબાણ હતુ, જે દૂર કરાઈ સારા હેતુ માટે તેનો ઉપયોગ કરાઈ રહ્યો છે તેવું પાલિકા સુત્રોએ જણાવ્યું હતું.

અમદાવાદ ખાતે સ્પર્ધાત્મક પરીક્ષા અંગેનો સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

હાલના સમયમાં સ્પર્ધાઓનું મહત્વ વધી ગયુ છે. સરકારી, બિન સરકારી ઓફીસમાં નોકરી મેળવવા માટે યુવાનો ખુબજ પરસેવો પાડી રહ્યા છે. ત્યારે અસાઈત યુવા મંચ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અંગેના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્પર્ધાત્મક પરીક્ષા અંગેનો સેમિનાર આગામી તા. ૩૧ મે, રવિવાર સવારે ૯ થી ૬ કલાક દરમિયાન હોટલ અતિથિ એલીસબ્રિજ અમદાવાદ ખાતે યોજાશે. સેમિનારમાં તજજ્ઞો દ્વારા માહિતી આપવામાં આવશે. ફક્ત ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવેલ સેમિનારમાં ડીપોઝીટ પેટે ફક્ત રૂ. ૧૦૦ લેવામાં આવશે. સેમિનાર પત્યા બાદ ડીપોઝીટ પરત આપવામાં આવશે. સેમિનારમાં ઉપસ્થિત રહેવા માટે અસાઈત યુવા મંચના સભ્યો, ડૉ. હસમુખ નાયક, ગાંધીનગર, ધીરૂભાઈ નાયક-મહેસાણા, પ્રકાશ નાયક-ઘોડાસર, સહિતના કાર્યકરોનો સંપર્ક કરવા જણાવ્યું છે.

રોગચાળાને ડામવા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દરમ્યાન ટાયરમાં પાણી ભરાઈ રહેતા મચ્છરોના ઉપદ્રવ વ્યાપે છે. જેથી તંત્ર દ્વારા આ પ્રકારના બ્રિડીંગ સ્થળોની તપાસ હાથ ધરાઈ હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના ૨૫ કર્મચારીઓની ટીમ દ્વારા હાથ ધરાયેલ આ ઝુંબેશ હાથ ધરાઈ હતી. ચોમાસા દરમ્યાન મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા વગેરે જેવા રોગ ઉદભવવાની શક્યતાના પગલે તંત્ર દ્વારા પાણી જમા ન રહે તે હેતુ ઘરની છત પર મુકાતા જુના ટાયરો તથા અન્ય ભંગાર દૂર કરાયો હતો. આ કાર્યવાહી હેઠળ ટેમ્પોની મદદથી જુના ટાયરો દૂર કરાયા હતા. તેમજ કર્મચારીઓ દ્વારા વિવિધ વિસ્તારોના રહીશોને રોગચાળાથી બચવા જરૂરી સુચનો તથા માર્ગદર્શન અપાયું હતું. તેમજ પાણીના વિવિધ પાત્રોમાં પોરાનાશક દવાનો છંટકાવ કરાયો હતો.

શબ્દાવલી - ૫૭૪૫



આડી ચાવી

૧. આવક ઉપર લેવાતો કર(૫)
૪. એક ચકોર દૃષ્ટિ ધરાવતું પક્ષી (૨)
૬. ઇચ્છા (૩)
૭. પાંચ પાંડવોમાં... અને સહદેવ માદ્રી પુત્રો હતા (૩)
૮. સાહસિક, કુશળ બહાદુર(૨)
૯. કૃષ્ણના મામા (૪)
૧૧. જે મકાપુરુષ હોય તેમ મન ખરાબ હોય તો... કહી શકાય?(૪)
૧૨. ચુક, ભુલ (૩)
૧૩. ગુસ્સો, વેર, ક્ષાર (૨)
૧૪. સુંવાળુ (૨)
૧૫. પાક, લહેરાતો (૨)
૧૬. ગધેડો, રાવણનો એકભાઇ (૨)
૧૭. રસવાળુ (૨)

ઊભી ચાવી

૧. મરણ સુધી, જીવનપર્યંત(૫)
૨. પતિ, ધણી (૨)
૩. ઝગડા (૬)
૪. કાણું (૨)
૫. બધે પાણી પાણી થઇ ગયું હોય તેવું (૬)
૭. કુમળાશ, નરમ હોવું તે(૪)
૮. અવકાશયાન, બલુન (૩)
૧૦. સુધારો કરાવવો તે ખાસ કરીને મકાન વગેરેમાં સુધારો કરાવવો તે (૫)
૧૨. વાંક - ગુનો (૩)
૧૩. ખલાસ, પુરું (૩)
૧૪. માથામાં થાય તેવું જંતુ(૨)
૧૫. રાષ્ટ્રીય પક્ષી (૨)

શબ્દાવલી ૫૭૪૪ના જવાબ

આડી ચાવી :- (૧) ગોકળગાય (૫) જળસમાધિ (૭) પલક (૧૦) દુપટ્ટો (૧૧) બાજુ (૧૨) યતીમ (૧૪) પસ (૧૬) રસ (૧૮) આરામ (૧૯) ઘટા (૨૦) રોમેરોમ (૨૧) નાટક

ઊભી ચાવી :- (૧) ગોરપદુ (૨) ગાજ (૩) યળ (૪) બંધિયાર (૬) સમજુતિ (૮) લપ (૯) કટોરો (૧૧) બાટા (૧૩) મરઘટ (૧૪) પનારો (૧૫) વિરામ (૧૭) સટાક (૧૮) આરો

માર્ગદર્શન વ્યવસ્થા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વર્ષ મહેનત કરી સરસ રીતે પરીક્ષા પાસ કરી ઉતીર્ણ થાય. વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, શાળાકોલેજ સંચાલકો અને સરકાર આપણે સહુ સાથે મળી મન બનાવીને સારી વ્યવસ્થાઓને સફળ બનાવીએ. પ્રવેશ કાર્યવાહીના માર્ગદર્શન માટે વિવિધ ૬૫ સ્થાનો પર માર્ગદર્શનપ્રશ્નોતરીના કાર્યક્રમ યોજવામાં આવ્યા. ગુણવત્તાને આધારે તમામ વિદ્યાર્થીઓને યોગ્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મળે તેવી વ્યવસ્થા શિક્ષણ વિભાગે સુનિશ્ચિત કરી છે. આ વર્ષે પ્રવેશ પ્રક્રિયામાં સુવિધા માટે, માર્ગદર્શન માટે ૯૦ સ્થળોએ હેલ્પ સેન્ટરની તથા ૨૪૩૭ ની હેલ્પ લાઈનની વ્યવસ્થા કરવામાં આવી છે. હેલ્પ લાઈનનો નંબર ૦૭૯૨૬૫૬૬૦૦૦ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકારે ૨૦૦૭ ના વર્ષથી એસીપીસી એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસની રચના કરી છે. આ કમિટિ દ્વારા પ્રવેશ અંગે માર્ગદર્શન, ઉપલબ્ધ બેઠકો, અભ્યાસક્રમો, કોલેજો વગેરે અંગેની માહિતી એકજ જગ્યાએથી સારી રીતે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. વેબસાઈટ પરથી પ્રવેશ અંગેની માહિતી મળી રહે છે, ઓનલાઈન ફોર્મ ભરી શકાય છે. સમગ્ર દેશમાં પ્રથમ વખત ગુજરાતમાં જ એસીપીસી એડમિશન કમિટી ધ્વારા બાયસેગ અને શિક્ષણ વિભાગના સહયોગથી જીવંત પ્રસારણ ધ્વારા માર્ગદર્શનવાર્તાલાપની સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે, જે અભિનંદનીય છે.

વિદ્યાર્થીઓવાલીઓને પ્રોત્સાહિત કરતાં તેમણે જણાવ્યું હતું કે, આ વર્ષે એન્જિનિયરિંગના અભ્યાસક્રમોમાં ૭૧,૭૯૯ જેટલી બેઠકો ૧૩૬ એન્જિનિયરિંગ કોલેજોમાં ઉપલબ્ધ છે. ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓની સરખામણીએ ઘણી બેઠકો ઉપલબ્ધ છે. તેથી વિદ્યાર્થીઓએ પોતાના રસ, રૂચિ, ક્ષમતા અનુસાર સ્વસ્થ ચિત્તે અભ્યાસક્રમની પસંદગી કરવી જોઈએ.

આ પ્રસંગે એડમિશન કમિટી (એસીપીસી)ના મેમ્બર સેક્રટરીશ્રી, સંયુકત ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રી, બાયસેગના નિયામકશ્રી તથા શિક્ષણ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સખત કેદની સજા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પોલીસ મથકે ફરિયાદ નોધાતા પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની બીજા એડીશ્નલ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી.

તેમણે દલીલમાં જણાંવ્યું હતું કે આરોપીએ મરનારને પ્રેમ લગ્નની જાળમાં ફસાવી શારિરીક માનસિક ત્રાસ આપ્યો હતો.જેથી સમાજમાં દાખલો બેસે તેવી સજા થવી જાઈએ.જે દલીલો તેમજ સાહેદોની જુબાની ધ્યાને લઈ સેસન્સ જજ ડી એમ વ્યાસે આરાપીને ૭ વર્ષની કેદની સજા તેમજ રૂપિયા ૩ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

સિમાંકન જાહેર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આમજાની બેઠક નવી બની છે તો બોરીસણાની પણ બોરીસણા-૨ એવી નવી બેઠક બની છે.

આમજા તાલુકા પંચાયતની સીટ સા.શૈ. રીતે પછાત વર્ગની સ્ત્રી ઉમેદવાર માટે તેમજ બાલવાની પણ બેઠક સા.શૈ. રીતે પછાત વર્ગ માટે અનામત રાખવામાં આવી છે.

બોરીસણા-૨ બેઠક અનુ. આદિજાતિ માટે અનામત કરવામાં આવી છે. પાનસરની બેઠક પણ અનુ. જાતિ માટે અનામત કરવામાં આવી છે. સઈજ-૨ની બેઠક અનુ. જાતિની સ્ત્રી માટે અનામત કરવામાં આવી છે.

સામાન્ય સ્ત્રી માટે બોરીસણા-૧, છત્રાલ-૧, છત્રાલ-૨, ધમાસણા, ડીંગુચા, ગોલથરા, હાજીપુર, ઈસંડ, જામળી, જેઠમજ અને ખોરજ ડાભીની બેઠકો માટે અનામત કરવામાં આવી છે.

તાલુકામાં ઈસંડની બેઠક પર સૌથી ઓછા મતદારો ૭૦૪૭ નોંધાયા છે જયારે સઈજ-૨ બેઠક પર ૧૦૪૧૭ મતદારો નોંધાયા છે જે સૌથી વધુ છે.

નાસ્મેદ અને આમજાની બેઠકો એવી છે જેની સાથે પાંચ ગામો જોડવામાં આવ્યા છે. સઈજ-૨ની બેઠકમાં સઈજના વોર્ડ નં. ૧૩ થી ૧૬ અને આરસોડિયા ગામને જોડવામાં આવેલ છે. છત્રાલ-૨ બેઠકમાં છત્રાલના વોર્ડ નં. ૧૩ અને ૧૪ ઉપરાંત બિલેશ્વરપુરા તેમજ ધાનોરને જોડવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં કલોલ તાલુકાનો ભૌગોલિક વિસ્તાર એક ઉભા પટ્ટા જેવો હોવાને કારણે ભૌગોલિક સંતુલન જાળવવાનું તંત્ર માટે પણ પડકારરૂપ સાબિત થયેલ છે. આ સાથે પંચે ૧૦ દિવસમાં વાંધા સૂચનો માંગ્યા છે જેની એક નકલ પંચને અને કલેકટરને આપવા જણાવાયું છે.

ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકા પૈકી ત્રણ તાલુકા પંચાયતના નવા સીમાંકન અંગેના પ્રાથમિક આદેશો જારી થઈ ગયા છે. હવે માણસા તાલુકા પંચાયતનું સીમાંકન જેની હાલ પંચ દ્વારા ચકાસણી ચાલી રહી છે અને તે પણ આગામી સપ્તાહમાં જાહેર થાય તેવા નિર્દેશો મળી રહ્યા છે.

જૂનની મધ્ય સુધીમાં જિલ્લા પંચાયતનું નવુ સીમાંકન પણ થઈ જશે તેમ માનવામાં આવી રહ્યું છે.

દરમિયાન નવા સીમાંકનના પ્રાથમિક આદેશોને પગલે રાજકીય આગેવાનો પણ સોંગઠા ગોઠવવામાં વ્યસ્ત બન્યા છે તેમજ કઈ બેઠક માટે કેટલા વાંધા લેવા તેની કવાયતમાં વ્યસ્ત બન્યા છે.

કંપની સમાચાર

ડેસ્ટીનેશન ટ્રાવેલના પ્રચાર માટે આસામ ટુરિઝમ દ્વારા રોડ શૉ યોજાયો

બ્રહ્મપુત્રાના નિર્મળ જળનું સૌંદર્ય માણો, હરિયાળા ચાના બગીચાઓમાં ઘૂમો, ભવ્ય કાઝીરંગામાં ફરો અથવા રોંગાલીબીહુના તાલે નાચી ઉઠો. આ બધું માણવા માટે તમારે ઉત્તર પૂર્વના રાજયોના પ્રવેશ દ્વાર આસામની મુલાકાત લઈ વણખેડયા કુદરતી ખજાનાને માણવો રહ્યો.

આસામ સરકારના પ્રવાસન વિભાગના ટોચના અધિકારીએ આજે એક આદર્શ પ્રવાસન મથક તરીકે આસામની ક્ષમતા દર્શાવવા માટે પરામર્શલક્ષી સત્રનું આયોજન કર્યું હતું. એમણે આ રાજયની અદભૂત કુદરતી સંપત્તિ, વારસા અને સંસ્કૃતિ દર્શાવતી વિગતો પ્રવાસીઓને આકર્ષવા માટે રજૂ કરી હતી. આસામ બ્રહ્મપુત્રા નદીથી શોષાતું રહ્યું છે. અને સમૃધ્ધ વન્યપ્રાણીઓનો અને હરિયાળા મેદાનોથી સુશોભિત છે. આસામનો આશરે ૪૦ ટકા વિસ્તાર હરિયાળા આવરણથી ઢંકાયેલો છે. એમાં પાંચ નેશનલ પાર્ક આવેલા છે. જેમાંથી બેને યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે જાહેર કર્યા છે.

પ્રવાસીઓ માટે બ્રહ્મપુત્રામાં રીવરક્રૂઝનું આકર્ષણ ઉભું કરાયું છે. અહીંથી પ્રવાસીઓને આસામી સંસ્કૃતિના અધિકૃત પ્રતિકસમાં બીહુ અને સત્તરીયા નૃત્યની મોજ માણવા લઈ જવાય છે. પશ્ચિમ ગૌહત્તીમાં નિલાંચન હીલની ચોટે સ્થિત યાત્રાધામ કામાખ્યા મંદિરની મુલાકાત યાત્રાળુઓ અને ભકતો માટે ફરજિયાત છે.

આસામ સરકારના પ્રવાસન વિભાગના કમિશનર અને સચિવશ્રી આશુતોષ અગ્નિહોત્રીના જણાવ્યા પ્રમાણે 'આસામી સંસ્કૃતિ, રાજયનું વન્યજીવન, ગોલ્ફ કોર્સેસ, ટી એસ્ટેટ અને જાજરમાન બ્રહ્મપુત્રા આસામને અનુપમ બનાવે છે. આ સ્થળ સ્થાનિક અને વિદેશી બંને પ્રવાસીઓ માટે પુષ્કળ પ્રવાસન ક્ષમતા ધરાવે છે. પ્રવાસ માટે આસામ સુરક્ષિત સ્થળ છે. લોકો આતિથ્યશીલ છે. અમે બધાને આસામની મુલાકાત લેવા આમંત્રીયે છે.' પ્રવાસનની અદભૂત તકો પુરી પાડવા માટે દેશના ચાના ઉત્પાદનમાં ૬૦ ટકા અને નિકાસમાં ૮૦ ટકા હિસ્સો ધરાવતા આસામમાં ટી અસ્ટેટના પ્રવાસને પ્રોત્સાહિત કરીને પ્રવાસીઓને ચા બનાવવાના અનુભવથી માહિતગાર કરવામાં આવે છે.

પરિણામ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

શિક્ષણ તંત્ર દ્વારા જરૂરી તમામ તકેદારી રાખવામાં આવી હતી.લાંબા વેકેશનના અંતે બોર્ડની પરિક્ષાનું પરિણામ જાહેર થવાનો દિવસ આવી જતા વિધાર્થીઓ તેમજ વાલીઓમાં ઉત્તેજના વ્યાપી છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શનિવારે સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાહેર કરવામાં આવશે. જો કે પરિણામ માત્ર ઓનલાઈન જાહેર કરવામાં આવશે. જયારે વિધાર્થીઓને માર્કશીટ તેમજ પ્રમાણપત્ર આપવાની તારીખ બાદમાં જાહેર કરવામાં આવશે.તેમ પણ બોર્ડના સુત્રોએ જણાંવ્યુ છે.જયારે વિધાર્થીઓ મોબાઈલ પરથી પણ પરિણામ જાણી શકે તે મુજબનું આયોજન કરવામાં આવ્યુ છે.વિધાર્થીઓની વિશેષ સુવિધા માટે બોર્ડ દ્વારા ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૫૫૦૦ પરથી પણ જાણકારી મળી રહેશે.તેમ પરિક્ષા સચિવે જણાંવ્યું છે.

ગુણોત્સવમાં...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગુણોત્સવના પરિણામને તાલુકાવાર જોઈએ તો દહેગામ તાલુકાની પાંચ શાળાઓએ એ+ ગ્રેડ મેળવ્યો છે. બે ગ્રેડ ૬૬ શાળાઓએ મેળવ્યો છે. બી ગ્રેડ ૧૨૦ શાળા, સી ગ્રેડ ૨૩ શાળા અને ૧૩ શાળાઓએ ડી ગ્રેડ મેળવ્યો છે.

ગાંધીનગર તાલુકામાં એક પણ શાળા એ+ ગ્રેડ મેળવવામાં નિષ્ફળ રહી છે તો ૩૨ શાળા એ ગ્રેડ, ૯૨ શાળા બી ગ્રેડ, ૬૪ શાળા સી ગ્રેડ અને ૧૮ શાળા ડી ગ્રેડ મેળવે છે.

કલોલ તાલુકામાં ૨ શાળાએ એ- ગ્રેડ મેળવ્યો છે. ૩૯ શાળાઓએ એ ગ્રેડ, ૭૧ શાળાઓએ બી ગ્રેડ, ૧૯ શાળાઓએ સી ગ્રેડ અને પાંચ શાળાઓએ ડી ગ્રેડ મેળવ્યો છે.

માણસા તાલુકાની ૨ શાળાએ એ+ ગ્રેડ મેળવ્યો છે. ૩૯ શાળાઓએ એ ગ્રેડ, ૬૧ શાળાઓએ બી ગ્રેડ ૧૬ શાળાઓએ સી ગ્રેડ અને ૩ શાળાઓએ ડી ગ્રેડ મેળવ્યો છે.

ગુણોત્સવ-૪ની તુલનામાં માણસા અને કલોલ તાલુકાની તેમજ દહેગામની વધુ ૨ શાળાઓ એ+ ગ્રેડ મેળવવામાં સફળ થઈ છે. ગુણોત્સવ-૪ માં માત્ર દહેગામ તાલુકાની ૩ શાળાઓને જ એ+ ગ્રેડ મળ્યો હતો.

ગાંધીનગર તાલુકામાં પ્રાથમિક શિક્ષણ માટે દિવા તળે અંધારા જેવી સ્થિતિ થઈ છે. આ તાલુકામાં એ+ ગ્રેડમાં એક પણ શાળા નથી આવી જ્યારે સી ગ્રેડની શાળાઓ જે ચોથા ગુણોત્સવમાં ૨૫ હતી તે વધીને ગુણોત્સવ-૫માં ૬૩ થઈ છે. આ ઉપરાંત ડી ગ્રેડની શાળાઓ ૩ ને પદલે ૧૮ થઈ છે.

સરકાર દ્વારા વિધિવત્ રીતે પરિણામની ઘોષણા થતાં જ જિલ્લાના શિક્ષણતંત્રમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ અને સુવિધાઓ ઉભી કરવામાં અગ્રેસર જિલ્લાનું પરિણામ એકંદરે નિરાશાજનક હોવાનું સ્પષ્ટ થતાં તંત્ર માટે પડકાર ઉભો થયો છે.

અમદાવાદ મહાનગરપાલિકા સીમાંકન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રહે છે. આ જાહેરનામા મુજબ અમદાવાદ મહાનગરપાલિકા માટે વીસ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે અને ૨૦ પૈકી ૧૦ બેઠક અનુસૂચિત જાતિની મહિલાઓ માટે રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. પછાત વર્ગની વસ્તીની જે-તે વોર્ડની ટકાવારીને ધ્યાનમાં લઈ ઉતરતા ક્રમમાં સૂચિત વોર્ડ નં. ૧૫, ૨, ૧, ૩૩, ૨૮, ૪૨, ૨૭, ૪૧, ૩૨, ૬, ૮, ૧૭, ૪૦, ૨૧, ૪૬, ૭, ૪, ૪૮ અને ૪૭માં પછાત વર્ગની બેઠક ફાળવવાની થાય છે અને તે પૈકી બેકી સંખ્યામાં ૨, ૩૩, ૪૨, ૪૧, ૬, ૧૭, ૨૧, ૭, ૪૮માં મહિલા માટે ફાળવણી કરવાની થાય. પરંતુ વોર્ડ નં. ૪૨ અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત હોઈ વોર્ડ નં. ૪૨માં પછાત વર્ગ અને વોર્ડ નં. ૨૭માં પછાત વર્ગ મહિલા બેઠક ફાળવવાની થશે. તેમજ વોર્ડ નં. ૪૦માં અનુસૂચિત જાતિ બેઠક ફાળવવામાં આવી હોવાથી વોર્ડ નં. ૪૦માં પછાત વર્ગની મહિલા માટે અને વોર્ડ નં. ૨૧માં પણ પછાત વર્ગની મહિલા અને વોર્ડ નં. ૭ તથા ૪૮માં પછાત વર્ગની બેઠક ચઢતા કે ઊતરતા ક્રમે ગોઠવવાની થશે.આ પ્રમાણે મહિલા સહિત અનામત બેઠકોની ફાળવણી થયા બાદ બાકી રહેતી બેઠકો બિનઅનામત ફાળવવામાં આવશે. રાજ્ય ચૂંટણી આયોગે આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં વાંધાસૂચનો મંગાવ્યા છે અને ત્યારબાદ કોઈ પણ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

આ ઉપરાંત મહાનગરપાલિકાના વોર્ડની નક્કી કરેલી હદ તથા બેઠકોની ફાળવણીનો મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલા માનનીય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરવામાં આવશે તેમ પણ રાજ્ય ચૂંટણી આયોગના સચિવે જણાવ્યું હતું.